# ભાવનગરમાં ફરીવાર ખેડૂતો પર પોલીસ દ્વારા અત્યાચાર

## જમીન સંપાદનની વિરૂદ્ધ વિરોધ કરતા ખેડૂતોને પોલીસે બેરહમીથી લાઠીઓથી ફટકાર્યા : ખેડૂતોમાં ઉગ્ર આક્રોશ

અમદાવાદ,તા. ૧૩

ભાવનગર જીલ્લામાં ઘોઘા તાલુકાના બાડી પડવા ગામે ગુજરાત પાવર કોર્પોરેશન લિ.(જીપીસીએલ) દ્વારા થઈ રહેલ જમીન સંપાદનનો વિરોધ કરી રહેલા ૧૨ ગામના સ્થાનિક ખેડૂતો અને પોલીસ વચ્ચે આજે



ફરી એકવાર જોરદાર ઘર્ષણ સર્જાયું હતું. જેમાં પોલીસે પોતાના હક્ક અને અધિકાર માટે લડી રહેલા ખેડૂતો અને ગ્રામીણ મહિલાઓ પર અમાનવીય રીતે લાઠીચાર્જ કરી તેમને ફટકાર્યા હતા અને તેમની પર બેરહમીથી લાઠીઓ વીંઝી હતી. પોલીસ અત્યાચારને પગલે સમગ્ર રાજયભરમાં ખેડૂતોમાં ઉગ્ર આક્રોશની લાગણી ભભૂકી ઉઠી છે. વિરોધ કરી રહેલા ખેડૂતોને વિખેરવા અને પરિસ્થિતિ કાબૂમાં લેવા પોલીસે ૫૦થી વધુ ટીયરગેસના શેલ પણ છોડયા હતા. ઉલ્લેખનીય છે કે, ભાવનગરના ઘોઘા તાલુકામાં છેલ્લા દોઢ મહિનાથી બાડીપાડવા ખાતે ખેડૂતો-ગ્રામીણ મહિલાઓ ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થઈ જીપીસીએલ અને સરકારી તંત્ર સામે ઉગ્ર વિરોધ પ્રદર્શિત કરી રહ્યા છે તેમછતાં હજુ સુધી સરકાર કે તંત્રના એક માણસે ખેડૂતોની દિલની વ્યથા સમજવાની તસ્દી સુધ્ધાં લીધી નથી. જીપીસીએલના જમીન સંપાદન અને સરકારી તંત્રની મિલીભગત સામે સ્થાનિક ખેડૂતોમાં ઉગ્ર રોષની લાગણી ફેલાયેલી છે અને તેના વિરોધમાં આજે ખેડૂતોએ ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થઈ સુરકા ગામથી રેલી યોજવાનો પ્રારંભ કર્યો હતો. જેમાં ૫૦૦થી વધુ ખેડૂતો જોડાયા હતા, જેમાં ગ્રામીણ મહિલાઓ પણ સામેલ થઈ હતી. આ રેલી જીપીસીએલ કંપનીની સાઈટ પર જઈ રહી હતી. તેવા સમયે પોલીસે તેમને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો. ખેડૂતોએ પોતાનો વિરોધ ચાલુ રાખી રેલી યોજવાનો આગ્રહ રાખતાં પોલીસના જવાનોએ અમનાવીય રીતે ખેડૂતો પર લાઠીઓ વીંઝવા માંડી હતી અને તેઓને બેરહમીથી ફટકાર્યા હતા.

પોલીસે શાંતિપૂર્ણ રીતે પોતાના વિરોધની વાચા આપી રહેલા ખેડૂતોને પકડી પકડીને પગમાં ને શરીરના જુદા જુદા ભાગોએ ભારે ક્રૂરતાપૂર્વક અને નિર્દયતાથી લાકડીઓના સોળ વરસાવ્યા હતા. પોલીસ અત્યાચારને પગલે ખેડૂતોમાં ઉગ્ર આક્રોશની લાગણી ફેલાઈ ગઈ હતી. મામલો વણસતાં અને ખેડૂતોએ હોબાળો મચાવતાં પોલીસે ૫૦થી વધુ ટીયરગેસના શેલ છોડી ખેડૂતોને વિખેરી નાંખ્યા હતા. પોલીસની દમનકારી પ્રવૃત્તિને લઈ ફરી એકવાર તંત્ર સામે ગંભીર સવાલો ઉઠયા હતા કે, પોલીસ કોના ઈશારે ખેડૂતોના આંદોલન અને વિરોધને તોડવાનો પ્રયાસ કરી રહી છે. શું પોલીસની લાઠીઓ નિર્દોષ ખેડૂતો પર વીંઝવા માટે જ છે. ખેડૂતો પર આ પ્રકારે અમાનવીય અત્યાચાર કરવા કોના તરફથી સૂચના પોલીસને અપાઈ રહી છે સહિતના અનેક સવાલો આજની ઘટના બાદ ઉઠી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ભાવનગરના ઘોઘા તાલુકાના બાડી પડવા ગામે જીપીસીએલ અને ૧૨ ગામના ખેડૂતો વચ્ચે જમીનના પગલે વિવાદ ચાલી રહ્યો છે. જમીનના પ્રશ્ને ભાવનગર જિલ્લાના ૧૨ ગામના પરપ૯ લોકોએ અગાઉ સ્થાનિક જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી ઈચ્છામૃત્યુની માગણી કરી હતી. આ ઉપરાંત રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, મુખ્યમંત્રી, રાજયપાલ સહિતનાને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. ઘોઘા તાલુકાના બાડી-પડવા ગામે રાજ્ય સરકારના સાહસ ગુજરાત પાવર કોર્પોરેશન લિ. (જીપીસીએલ) અને બાડી-પડવા સહિત ૧૨ ગામોના ખેડૂતો વચ્ચે જમીન સંપાદનમાં યોગ્ય



વળતર આપવાની માગણી સાથે વર્ષોથી વિવાદ ચાલી રહ્યો છે. આ વિવાદ વચ્ચે કંપનીએ માઈનીંગ કામગીરી શરૂ કરી દીધુ છે, જેના પગલે ખેડૂતોમાં રોષ ભભૂકી ઉઠયો છે અને દિન પ્રતિદિન આ આંદોલન વધુ ઘેરું બનતું જાય છે.

## મહેસાણાના સદીકપુરમાં રસ્તા બાબતે ૬૦ વર્ષીય મહિલાની હત્યા

મહેસાણા,તા.૧૩

મહેસાણાના સદીકપુર વિસ્તારમાં ૬૦ વર્ષીય મહિલાની હત્યાની ઘટના સામે આવી છે. આ મહિલાની હત્યા ખેતર જવાના રસ્તા બાબતે કરી હોવાના અહેવાલો પ્રાપ્ત થઈ રહ્યા છે.

અમાગ્ર ઘટના વિશે જણાવીએ તો, મહેસાણાના સદીકપુર વિસ્તારમાં ખેતરમાં જવાના રસ્તા બાબતે એક ૬૦ વર્ષીય મહિલાની હત્યા કરવામાં આવી છે.

આ મહિલાની હત્યા માથાના ભાગે લાકડી મારીને કરવામાં આવી છે. આ સમગ્ર ઘટનાની જાણ થતા પોલીસ કર્મીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

પોલીસ કાફલો આવ્યા બાદ પોલીસ દ્વારા મહિલાનો મૃતદેહ પીએમ માટે મહેસાણા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ મહિલાની હત્યા કોણે કરી છે તે દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## હિંમતનગરમાં યુવાને ગળાફાંસો ખાધો

હિંમતનગર, તા. ૧૩

હિંમતનગરની શાંતિનગર સોસાયટીમાં રહેતા એક ૨૩ વર્ષના યુવાને શુક્રવારે રાત્રે પોતાના ઘરે અગમ્ય કારણોસર પંખે લટકી જઈને ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. જે અંગે મૃતકના પિતાએ શનિવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. શાંતિનગર સોસાયટીમાં રહેતા કનકરાય પ્રહલાદભાઈ પંડ્યાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેમનો પુત્ર દિપ કનકરાય પંડ્યા (ઉં.વ.૨૩) બીએસસીમાં ભણતો હતો.

## આણંદમાં લોક ડાયરામાં ખૂલ્લેઆમ હવામાં ફાયરિંગ, વીડિયો વાયરલ

આણંદ,તા.૧૩

ફરી એક વખત લોક ડાયરામાં ફાયરિંગ કરવામાં આવ્યું હોવાની ઘટના સામે આવી છે. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં ખુબ જ વાયરલ થઈ રહ્યો છે. આ ઘટના આણંદમાંથી સામે આવી છે. કે જ્યાં લોક ડાયરા દરમિયાન ૩-૪ શખ્સો દ્વારા ધડાધડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું.

ક્ષત્રિય સેના દ્વારા આણંદમાં આ લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ક્ષત્રિય સમાજના લોકો દ્વારા જ હવામાં ફાયરિંગ કરવામાં આવ્યું હતું. અહીં લોક ડાયરાની રંગત જેમ જેમ જામતી ગઈ તેમ તેમ હવામાં ફાયરિંગ કરવામા આવ્યું હતું. મહત્વની વાત એ છે કે આ જે વીડિયો વાયરલ થયો છે તેમાં કોંગ્રેસના ધારાસભ્ય કાંતિભાઈ સોઢાનો દિકરો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ ડાયરામાં ૩-૪ બંદુકધારી શખ્સોએ હવામાં ધડાધડ ફાયરિંગ કર્યુંહતું. પોતાનો ઠાઠ બતાવવા માટે આજકાલ પિસ્ટલ, બંદૂકમાંથી ફાયરિંગ કરવાનો કુ-રિવાજ ખૂબ ફેલાયો છે.મહત્વનું છે કે ક્ષત્રિય સેનાના ૨ વર્ષ પૂર્ણ થતાં અહિં ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પહેલા જુનાગઢમાં યોજાયેલા કિર્તીદાન ગઢવીના ડાયરામાં પણ ધડાધડ ફાયરિંગ કરવામાંઆવ્યુંહતું. સૌરાષ્ટ્ર કચ્છમાં યોજાતા ડાયરાઓમાં એક ભજન અચુક ગવાતું આવ્યું છે. ભજનના શબ્દો છે... વાગે ભડાકા ભારી ભજનના...વાગે ભડાકા ભારી રે...!

## રાજસ્થાન ગુર્જર અનામત : હાર્દિક પટેલ ભરતપુર નહિં જઈ શકે, તંત્રએ લગાવ્યો પ્રતિબંધ

ગાંધીનગર,તા.૧૩

ગુજરાતમાં પાટીદાર નેતા હાર્દિક પટેલે ગુર્જર આંદોલનનું સમર્થન કર્યું છે. તેઓ ૧૫ મેના દિવસે ભરતપુર આવનારા હતા. પરંતુ આ પહેલા તેમની મુશ્કેલીઓ વધી ગઈ છે. રાજસ્થાનના ભરતપુર જિલ્લા અધિકારીઓ એક ઓર્ડસ પાસ કર્યો છે. જેમાં ૧૫ મેના દિવસ ભરતપુરમાં હાર્દિક પટેલના પ્રવેશ ઉપર પ્રતિબંધ લાગાવ્યો છે. હાર્દિક પટેલ ભરતપુરમાં ગુર્જર અનામતને લઈને યોજવામાં આવેલા કાર્યક્રમમાં ભાગ લેવાના હતા. આ ઓર્ડર પ્રમાણે જિલ્લામાં કલમ ૧૪૪ પણ લાગુ કરવામાં આવી છે.

આ અગાઉ અઝમેર શરીફ હઝરત ખ્વાઝા મોઈનુદ્દીન ચિશ્તીની દરગાહ પહોંચેલા હાર્દિક પટેલે કહ્યું હતું કે, રાજસ્થાનમાં થનારા ગુર્જર અનામત આંદોલનમાં પાટીદાર સમાજ તેમની સાથે હંમેશા ઉભો હશે. હાર્દિકે કહ્યું હતું કે, દેશમાં તેમને અનામતનો લાભ જોઈએ જેનો સમાજ હકદાર છે. પછી ભલે તે મુસ્લિમ હોય કે પાટીદાર કે પછઈ ગુર્જર સમાજ.

## અવસાન નોંધ

શહેરના સે-૩ સીમાં રહેતા અને ડો પ્રશાંત સગરના પિતા રમેશચંદ્ર હિરાલાલ સગરનુ દુખદ અવસાન થયુ છે. તેઓ સિંચાઈ વિભાગમાં સેકશન અધિકારી તરીકે ફરજ બજાવી નિવૃત થયા હતા. ગત તા ૧૧ મેં ના રોજ તેમનુ આકસ્મિક અવસાન થતા સેકટરમાં ઘેરા શોકની લાગણી વ્યાપી છે. સદગતનુ બેસણુ તા ૧૪ મેં ના રોજ સવારે ૮ થી ૧૧ કલાક દરમિયાન તેમના નિવાસ સ્થાન પ્લોટ નં -૪૫૫ઃ૨ સે -૩ સી ખાતે રાખવામાં આવ્યુ છે.

## કાયદો અને કાનૂન

● ચોથા પાનાનું ચાલું

સજા કરવામાં આવે છે છૂટાછેડા મેળવવાનો ખર્ચ પણ પત્નીએ જ ભોગવવાનો રહે છે. ભારતની જેમ પતિ પાસેથી એસેમની પત્નીને ચુકવવાનો કાયદો જ નથી. યમનમાં પત્ની રીસાઈને મિત્ર પરિવાર કે અન્યત્ર પતિને છોડીને રહેવા જઈ શકે નહિ તેમ છતાં પત્ની આવું કૃત્ય કરે તો યમનના કાયદા પ્રમાણે પત્ની ગુનેગાર ઠરે છે પતિ સામે પત્નીને વાંધો તકરાર હોય તો પણ પતિની સમંતિથી જ એકલી રહેવા જઈ શકે છે.

સાઉદી અરેબીયામાં મહિલાઓને કાર ચલાવવા ઉપર પ્રતિબંધ છે. સને ૨૦૧૧ માં ૫૦ મહિલાઓએ આ કાયદાનો ભંગ કરતા તેમની સાઉદી અરેબીયાની સરકારે ધરપકડ કરી સજા ફરમાવેલ. સાઉદી અરેબીયા વિશ્વનું એક માત્ર પ્રથમ દેશ છે જયાં મહિલાઓને ડ્રાયવીંગ લાયસન્સ મળતું નથી.

અરકેન્લેસમાં પતિ પત્ની વચ્ચે ઝઘડો થાય તો પતિ પત્નીને મહિનામાં એક વખત માર મારી શકે છે જે ગુનો ગણવામાં આવતો નથી એક વખત તો સરકાર પણ માફ કરે છે.

અમેરીકા જેવા આધુનિક અને વિકાસશીલ દેશના વર્માન્ટ શહેરમાં પત્નીનો દાંત તુટી ગયો હોય તો નવો નાખવા માટે ડેન્ટીસ્ટને પતિની પરવાનગી આપતો લેટર ફરજીયાત માંગે છે અને ત્યારબાદ જ નવા દાંત નાંખી કે કાઢી શકે છે તેજ રીતે અરકેલેન્સમાં પત્નીને વાળ કપાવવા માટે પણ પતિની પરવાનગી મેળવવી પડે છે પરવાનગી સીવાય પત્ની વાળ કપાવે તો ગુનો બને છે તેમજ અમરેરીકાના ઓકલાહોમામાં મહિલાઓને વાળ વધારવા માટે સરકારની પરવાનગી મેળવવી પડે છે.

## અતિતની આજ

● ચોથા પાનાનું ચાલું

દળના વડા નવીન પટનાઈકે કર્યો હતો. એ પછી પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી અને તૃણમૂલ કૉંગ્રેસનાં વડાં મમતા બેનરજીએ પણ એનો વિરોધ કર્યો છે.

ભારતમાં સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો ૬૫ વર્ષની વયે નિવૃત્ત થાય છે. ત્રીજી ઑક્ટોબર, ૧૯૫૩ના રોજ કટક (ઓડિશા)માં જન્મેલા જસ્ટિસ દીપક મિશ્રા બીજી ઑક્ટોબર, ૨૦૧૮ના રોજ નિવૃત્ત થવાના છે. એટલે એમની નિવૃત્તિ આડે છ મહિના પણ નથી ત્યાં જ એમના વિશેના વિવિધ વિવાદો તથા સાથી ન્યાયાધીશો સાથેના ટકરાવને પગલે મહાભિયોગની દરખાસ્ત આવી છે. જોકે વિપક્ષની રાજ્યસભામાં બહુમતી હોવા છતાં બિજુ જનતા દળ અને તૃણમૂલ કૉંગ્રેસ ઉપરાંત અન્ય કેટલાક વિપક્ષી સભ્યો પણ, મહાભિયોગની દરખાસ્ત મતદાન માટે ગૃહમાં રજૂ થાય તો, એને ટેકો આપે નહીં એવી શક્યતાથી જસ્ટિસ મિશ્રાને હોદ્દા પરથી દૂર કરવાની સ્થિતિ નથી. આમ છતાં સત્તારૂઢ ભાજપ થકી કૉંગ્રેસ બંધારણીય સંસ્થાઓને તોડવાનો પ્રયાસ કરી રહી હોવાના આક્ષેપ થાય છે. સામે પક્ષે કૉંગ્રેસ અને સાથી પક્ષો ભાજપ અને મિત્રપક્ષો બંધારણ સાથે ચેડાં કરી રહ્યા હોવાની ફરિયાદ કરીને બંધારણ બચાવોના કાર્યક્રમો આદરે છે.

સાથે જ ન્યાયાધીશોની નિમણૂકની પ્રક્રિયા પારદર્શી બને એ માટે ઝુંબેશ ચલાવી રહેલી સંસ્થા 'નેશનલ લૉયર્સ કૅમ્પેઈન ફૉર જ્યુડિશિયલ ટ્રાન્સપરન્સી ઍન્ડ રિફૉર્મ્સ' થકી સુપ્રીમ કૉર્ટમાં ન્યાયાધીશોની નિમણૂકમાં નર્યો સગાવાદ ચાલી રહ્યાની વિગતો પ્રકાશિત કરવામાં આવે છે. ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારના મંત્રીઓ રામ વિલાસ પાસવાન સહિતનાએ ન્યાયતંત્રમાં પણ અનામત પ્રથા દાખલ કરવાની ખુલ્લેઆમ માગણી કરીને કેન્દ્ર સરકાર અને ન્યાયતંત્ર પર ભીંસ વધારી છે. અત્યારે દલિત-આદિવાસી સમાજના એક પણ ન્યાયાધીશ સર્વોચ્ચ અદાલતમાં નહીં હોવાની ફરિયાદ સ્વયં મોદી સરકારના મંત્રીઓ જ કરી રહ્યા છે. આવા સંજાગોમાં ભારતીય ન્યાયતંત્રમાં રાજકીય દખલગીરીની ફરિયાદો પણ વધી છે.દેશવાસીઓ માટે હજુ પણ આસ્થાસ્થાન લેખાતા ન્યાયતંત્રની તટસ્થતા, સ્વતંત્રતા અને નિર્ભીકતા જળવાઈ રહે એ દિશામાં સૌકોઈ વર્તે એ અપેક્ષિત છે.

haridesai@gmail.com

## નષ્ટ કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉલ્લેખનીય છે કે, કિમે નોર્થ કરિયાનું પરમાણુ પરીક્ષણ પૂર્ણ થયાની વાત કહી હતી. તેણે એમ પણ કહ્યું હતું કે, હવે તેઓને પરીક્ષણવાળી જગ્યાની કોઈ જરૂર નથી. આ તમામ વચ્ચે નોર્થ કોરિયાના વિદેશ મંત્રાલયે કહ્યું કે, ટૂંક સમયમાં જ પરીક્ષણ સાઈટ ઉડાવી દેવામાં આવશે. અહીં કોઈના પણ જવા ઉપર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકાના પ્રેસિડન્ટ તરફથી આ જાહેરાત વિદેશ મંત્રી માઈક પોમ્પિયોના પ્યોંગયાંગ મુલાકાત બાદ થઈ. હકીકતમાં પોમ્પિયાના પ્યોંગયાંગ પહોંચ્યા બાદ જ નોર્થ કોરિયાએ અમેરિકાના ત્રણ નાગરિકોની સજા માફ કરીને મુક્ત કર્યા હતા.

## છોડવા તૈયાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. આવી સ્થિતિમાં ગઠબંધનના માહોલને પહેલાથી જ તૈયાર કરવા માટે સિદ્ધારમૈયા તરફથી આ પ્રકારના નિવેદન થઈ રહ્યા છે. મતદાન બાદ શનિવારના દિવસે મોટાભાગના એક્ઝિટ પોલના તારણ જારી કરાયા હતા જેમાં કોઈપણ પાર્ટીને બહુમતિ મળી રહી નથી. આવી સ્થિતિમાં દેવગૌડા કિંગમેકર તરીકે ઉભરી રહ્યા છે. દેવગૌડા તરફથી ભાજપની સાથે ગઠબંધન ન કરવાના સંકેત આપી દીધા છે. આવી સ્થિતિમાં કોંગ્રેસની સાથે તેમના આવવાની શક્યતા દેખાઈ રહી છે. જેડીએસનું કહેવું છે કે, ગઠબંધનના મુદ્દા ઉપર પહેલા વાત કરવાની જવાબદારી તેની નહીં બલ્કે કોંગ્રેસની છે. બંને દળો વચ્ચે ૨૦૦૮માં થયેલી સોદાબાજીનો ખુબ જ ખરાબરીતે અંત આવ્યો હતો. દેવગૌડાના કોંગ્રેસની સાથે આવવાની સ્થિતિમાં સિદ્ધારમૈયા એક મોટી અચડણ તરીકે છે. દેવગૌડાએ ૨૦૦૫માં જેડીએસમાંથી હાર કર્યા હતા.

## ચાર દિવસ વહેલા

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને ઈસ્ટ સેન્ટ્રલ બંગાળની ખાડીમાં ૨૪ મેથી ચોમાસું શરૂ થવાની શક્યતા છે. સ્કાયમેટના વાઈસ પ્રેસિડેન્ટ મહેશ પલાવતના જણાવ્યા પ્રમાણે ૨૮ મેથી કેરળમાં ચોમાસા શરૂ થાય તેવી અપેક્ષા છે જોકે, સામાન્ય રીતે કેરળમાં પહેલી જૂનથી ચોમાસું શરૂ થાય છે. આમ સામાન્ય તારીખ કરતા ચાર દિવસ વહેલા ચામાસાની શરૂઆત થાય તેવી શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે, સ્કાયમેટ એજન્સીએ આગાહી કરી કે જૂનથી સપ્ટેમ્બરના ચોમાસાના ચાર મહિના દરમિયાન ૮૮૭ મિલિમીટર વરસાદ પડી શકે છે.જેના પગલે ખેડૂતો ખરીફ પાકનું સારૂ વાવેતર કરી શકશે. સ્કાયમેટના ઝઈ જતિન સિંહે કહ્યું કે લા નીના અને પ્રશાંત ક્ષેત્રમાં ધીરે-ધીરે ગરમી વધવાથી વધુ વરસાદની સંભાવના નથી.પરંતુ નીનો ઈન્ડેક્સ અને તટસ્થ આઈઓડીથી વરસાદ પર કોઈ પ્રતિકૂળ અસર પડવાની સંભાવના પણ નથી.મે-જૂન-જૂલાઈના ત્રણ મહિનામાં નીનો ઈંડેક્સ ૬૦%થી વધુ તટસ્થ રહેવાની સંભાવના છે.જ્યારે નીના મૌસમ પેટર્ન ૨૪ ટકા અને અલનીનો ૧૪ ટકા રહી શકે છે.

## કવાયત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રાન્ટની માંગણી કરવામાં આવશે. ખાસ કરીને કુદરતી આપત્તિના સહાયના ધોરણોમાં ફેરફાર કરવાની માંગણી પણ નાણાં પંચ સમક્ષ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

જો કે આ બધી હજુ પ્રાથમિક કવાયત છે. ૧૫મા નાણાંપંચની રચના હવે પછી થશે અને તે રાજ્યોનો પ્રવાસ કરશે. આ વર્ષના અંતિમ સપ્તાહમાં તે ગુજરાત આવે તેવી શકયતાના સંકેતો સાથે સચિવાલયના સૂત્રો જણાવે છે કે નાણાંપંચ સમક્ષ રજુઆતો માટે ઉચ્ચ સનદી અધિકારીઓની કમિટી બનાવાશે. આ ઉપરાંત રાજય સરકાર દ્વારા પણ મંત્રીમંડળના સભ્યોની પેટા કમિટી બનશે. આ પછી બન્ને સમિતિઓના અહેવાલને આધારે રાજયનું મેમોરેન્ડમ તૈયાર કરવામાં આવશે.

હાલની પ્રાથમિક કવાયતો મે ના અંત સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. આ કવાયતને અંતે સંતુલિત વિકાસના લક્ષ્યને ક્યાં સુધી આંબી શક્યા છીએ તે સ્પષ્ટ થશે. આ ઉપરાંત વિલેજ ડેવલપમેન્ટ પ્લાનમાં ખુટતી કડીઓ જે દર્શાવવામાં આવી હતી તેમાંથી કેટલી જોડી શક્યા છીએ તેનુ ચિત્ર સ્પષ્ટ થયા બાદ આગળની કવાયત હાથ ધરવામાં આવશે.

## સફાઈની કામગીરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દ્વારા આ અંગેની કોઈ સત્તાવાર વિગતો આપવામાં આવી નથી કે શહેરમાં અપાતા પેયજળના પુરવઠામાં ક્યાંય કાપ નથી મુકાયો. તંત્ર દ્વારા લાંબા સમય બાદ આ સફાઈ અભિયાન હાથ ધરાયુ હોવાનું મનાઈ રહ્યુ છે.

અહિ શહેરમાં લીકવીડ ક્લોરીનેશન પ્લાન્ટ છે અને તેની પણ મરામત અને નિભાવણીનું કામ કરવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે. છેલ્લા બે દિવસથી પાણીનો ટેસ્ટમાં બદલાવ આવ્યો હોવાથી તંત્રએ સફાઈ હાથ ધરી હોવાની વાતો નગરજનોમાં થઈ રહી છે.

મળતી વિગતો મુજબ સે. ૫માં આવેલ ટાંકીની સફાઈ અને મરામતની કામગીરી બીજા તબક્કામાં અર્થાત ૧૫મી પછી હાથ ધરવામાં આવશે.

## કારોબારી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવશે જયારે પેથાપુર ચોકડીથી સભા સ્થળ સુધી સાયકલ પર બેસી નેતાઓ અને કાર્યકરો જશે. આધુનિકતા અને સાદાઈનું સંમિશ્રણ સાથે કારોબારીની બેઠક થશે. આ બેઠકનો એજન્ડા શું નિયત કરાયો છે તે અંગે તેની સત્તાવાર યાદીમાં મૌન સેવવામાં આવ્યુ છે. જિલ્લાના પ્રશ્નોને લઈ પણ બેઠકમાં ચર્ચાઓ થશે કે કેમ તે જાણવા મળ્યુ નથી.

કોંગ્રેસના આંતરિક સુત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ રાજ્યના વિવિધ જિલ્લાઓનો વિપક્ષી નેતા અને પ્રદેશ પ્રમુખના સંયુક્ત પ્રવાસનો ભાગ આ બેઠક છે એટલે જ તેમાં માર્ગદર્શન પર વિશેષ ભાર મુકવામાં આવશે.

આ બેઠકમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ કરનારાઓ સામે પગલાં લેવાનો મુદ્દો પણ છવાયેલો રહે તેવી શક્યતાના સંકેતો મળી રહ્યા છે.

જિલ્લામાં છેલ્લા થોડાક સમયથી કોંગ્રેસનું સંગઠ્ઠન નબળુ પડ્યુ હોવાની વાતો પણ લોકજીભે ચર્ચાવાની શરૂ થઈ છે એટલુ જ નહિ પક્ષનું જનમાનસમાં સ્થાન ધીમી ગતિએ નીચે તરફ જઈ રહ્યુ હોવાની ચિંતા સૌને સતાવી રહી છે.

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની વિસ્તૃત કારોબારી બેઠક આવતીકાલે તા. ૧૪-૫-૨૦૧૮, સોમવાર, બપોરે ૩ કલાકે, રામદેવપીરજી કોમ્યુનીટી હોલ, બસસ્ટેન્ડ પાસે, પેથાપુર ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડા (મા. ધારાસભ્ય)ના અધ્યક્ષપદે, અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાત કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવજી (મા. સાંસદ(ના મુખ્ય મહેમાન પદે તેમજ ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણીના અતિથિ વિશેષ પદે યોજાનાર છે. જેમાં પ્રદેશ ઝોન પ્રભારી લાખાભાઈ ભરવાડ (મા. ધારાસભ્ય), ગુજરાત પ્રદેશ રાજીવ ગાંધી પંચાયતી રાજ સંગઠનના ચેરમેન અને પૂર્વ સાંસદ જગદીશભાઈ ઠાકોર, જિલ્લા નિરીક્ષકો, લોકસભા-વિધાનસભા નિરીક્ષકો, જિલ્લા કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો સહિત ધારાસભ્યો સર્વ બળદેવજી ઠાકોર (ચેરમેન ઓબીસી ડીપાર્ટમેન્ટ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ), ડૉ. સી.જે. ચાવડા, સુરેશભાઈ પટેલ, જિ.પં. પ્રમુખ, પ્રદેશ હોદ્દેદારો, જિલ્લા-તાલુકા પંચાયત-નગરપાલિકાના ચૂંટાયેલા નેતા-સદસ્યો, આગેવાનો, જિલ્લા કોંગ્રેસના હોદ્દેદારો, તાલુકા-શહેર સમિતિઓના પ્રમુખો, વિવિધ સેલ-વિભાગ ઉપરાંત યુવક કોંગ્રેસ, કોંગ્રેસ સેવાદળ, મહિલા કોંગ્રેસ, એનએસયુઆઈના પ્રમુખો વિગેરે ઉપસ્થિત રહેશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ